ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે ફેઝ-૩ની કામગીરી માટે રૂ.૩,૬૨,૨૨,૨૨૮/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/ASO/e-file/17/2022/0036/G**
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૧૭/૬૪૩૦૩૫/(નબા-૦૫)/ગ, તા. ૦૯/૦૪/૨૦૧૮

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો પત્ર ક્રમાંક: અજાક/મ-૬/૧૮૩૮/૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫

<u>આમુખ:</u>

આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક-(૧) પરના તા.૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી ડો.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે ફેઝ–૩ની કામગીરી માટે રૂ.૩,૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ પંદર લાખ પુરા)ના ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

સદર ફેઝ–૩ની કામગીરીના ટેન્ડર અન્વયે પસંદગી પામેલ **M/S.Dalsukhbhai Chhaganbhai Panseriya** એજન્સીને ચુકવવાનો ખર્ચ , પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી કંપની **PMC-Eohd Architects And Planners Ahmedabad** ને ચુકવવાનો ખર્ચ તેમજ સદર ફાઉન્ડેશન ખાતે, ડૉ.બાબાસાહેબ આંબેડકરની દિલ્હીમાં સ્થિત સ્ટેચ્યુ મુજબની સ્ટેચ્યુની પ્રતિકૃતિ મુકવા માટેનો ખર્ચ સામેલ કરતા કુલ રૂ.૩,૬૨,૨૨,૨૨૮/-(અંકે રૂપિયા ત્રણ કરોડ બાંસઠ લાખ બાવીસ હજાર બસ્સો અઠ્યાવીસ પૂરા)ના ખર્ચ અંદાજો માટે સુધારેલી વહીવટી મંજૂરી મેળવવા માટે; નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક-(૨) પરના તા.૨૫/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે ફેઝ-૩ની કામગીરી માટે,નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક-(૨) પરના તા.૨૫/૦૯/૨૦૨૫ના પત્રથી રજૂ કરવામાં આવેલ રૂ.૩,૬૨,૨૨,૨૨૮/-(અંકે રૂપિયા ત્રણ કરોડ બાંસઠ લાખ બાવીસ હજાર બસ્સો અઠ્યાવીસ પૂરા)ના ખર્ચ અંદાજોને આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. વધુમાં, આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક-(૧) પરના વહીવટી મંજૂરીના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩. સદર બાબતે થનાર ખર્ચ માંગણી નં ૯૫ ૨૨૨૫ ૦૧ ૮૦૦ ૧૦ **SCW-20** ખાતે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૨/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, અગ્રસચિવશ્રી(સા.ન્યા.)કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અ.મુ.સચિવશ્રી(ના.વિ.)કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી(નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૬

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2026.03.06 12:19:16 +5:30*



Open the document in Adobe Acrobat DC to verify the E-sign